ગાંધીનગર સમાચાર

આગામી અઠવાડિયે કાતિલ ઠંડીની આગાહી

# આજે જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે મતદાન

## પંચાયતોની ૧૭૯ બેઠકો માટે ૪૨૭ ઉમેદવારો વચ્ચે જંગ : ૮ લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપીયોગ કરશે : તંત્ર સજ્જ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આજે યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ૧૭૯ બેઠકોના જંગ માટે ૮,૧૩,૪૬૩ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી પંચાયતના પદાધિકારીઓની પસંદગી કરશે.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠકો માટે ૬૮ ઉમેદવારો મેદાનમાં છે. તો ૩ તાલુકા પંચાયતની ૭૮ બેઠક માટે ૧૮૪ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત કલોલ અને દહેગામની ૭૨ બેઠક માટે ૧૭૫ ઉમેદવારો મળી કુલ ૪૨૭ ઉમેદવારો મેદાનમાં છે.

જિલ્લા પંચાયતની ૨૯ બેઠક માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૬,૭૬,૭૩૪ છે. જિલ્લા પંચાયતની એક બેઠક બિનહરિફ થયેલ છે. જેમાં ૩,૪૯,૬૯૮ પુરૂષ મતદારો છે, જ્યારે ૩,૨૭,૦૩૬ સ્ત્રી મતદારોનો સમાવેશ થાય છે.

જિલ્લાની ત્રણ તાલુકા પંચાયતમાં કલોલ તા.પં.ની બે બેઠક બિનહરિફ થઈ છે. આ પછી બાકી રહેતી ૭૮ બેઠકો માટે ૪,૫૦,૩૫૪ મતદારો નોંધાયેલા છે. જેમાં ૨,૩૩,૦૧૩ પુરૂષ અને ૨,૧૭,૩૪૧ સ્ત્રી મતદારો મળી ૪,૫૦,૩૫૪ મતદારો તાલુકા પંચાયતના સભ્યો ચૂંટશે.

કલોલ અને દહેગામ નગરપાલિકાની પણ આજે ચૂંટણી યોજાવાની છે. ૭૨ બેઠકો ધરાવતી આ બન્ને નગરપાલિકા માટે ૧,૧૬,૪૩૨ મતદારો નોંધાયેલા છે. જેમાં ૬૦૦૬૭ પુરૂષ અને ૫૬,૩૬૫ મહિલા મતદારોનો સમાવેશ થાય છે. કલોલ નગરપાલિકાની ૪૪ બેઠક છે જ્યારે દહેગામ નગરપાલિકાની ૨૮ બેઠક છે.

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે સવારે ૮ વાગ્યાથી મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ થશે જે સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે તંત્રએ પુરતા પગલાં લીધા છે. આ ઉપરાંત મતદારોને પણ કોઈ તકલીફ ના પડે તે માટે ખાસ કાળજી લીધી છે.

આજે યોજાનાર મતદાન દરમ્યાન કોઈ ઈવીએમ ખોટકાઈ જાય તો તેને તાત્કાલિક દુરસ્ત કરવા માટે ૭૦ થી વધુ તકનીકી ટીમો બનાવવામાં આવી છે. આ ઉપરાંત ઝોનલ ઓફિસર પાસે પણ એક ઈવીએમ તૈયાર રાખવામાં આવશે. તેવું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં તાલુકા પંચાયત જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીઓ નવા સીમાંકન સાથે યોજાઈ રહી છે. પ્રથમવાર આ ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામત તેમજ ઉમેદવારના ઘરે શૌચાલયની સુવિધા ફરજીયાત હોવાના કાયદાનો પણ અમલ થઈ રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

### પક્ષવાર ભરાયેલ ફોર્મની વિગત દર્શાવતુ પત્રક

**● જિલ્લા પંચાયત, ગાંધીનગર**

| તાલુકાનું નામ | ભાજપ | કોંગ્રેસ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| દહેગામ | ૭ | ૭ | ૩ | ૧૭ |
| ગાંધીનગર | ૯ | ૯ | ૪ | ૨૨ |
| માણસા | ૬ | ૬ | ૨ | ૧૪ |
| કલોલ | ૭ | ૭ | ૧ | ૧૫ |
| કુલ | ૨૯ | ૨૯ | ૧૦ | ૬૮ |

**● તાલુકા પંચાયત**

| તાલુકાનું નામ | ભાજપ | કોંગ્રેસ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| દહેગામ | ૨૮ | ૨૮ | ૯ | ૬૫ |
| કલોલ | ૨૬ | ૨૬ | ૮ | ૬૦ |
| માણસા | ૨૪ | ૨૪ | ૧૧ | ૫૯ |
| કુલ | ૭૮ | ૭૮ | ૨૮ | ૧૮૪ |

**● નગરપાલિકા**

| તાલુકાનું નામ | ભાજપ | કોંગ્રેસ | અન્ય | કુલ |
|---|---|---|---|---|
| દહેગામ | ૨૮ | ૨૬ | ૧૪ | ૬૮ |
| કલોલ | ૪૪ | ૪૩ | ૨૦ | ૧૦૭ |
| કુલ | ૭૨ | ૬૯ | ૩૪ | ૧૭૫ |

## પાલજમાં માત્ર ૧૬ મતદારો માટે ખાસ મતદાન મથક

### ૨૦ મતદાન મથકોમાં પુરૂષ મતદાર કરતાં મહિલા મતદારો વધુ : ત્રણ પૂર્વ મહિલા પ્રમુખો ત્રિકોણીય જંગ લડી રહી છે : છાલા સૌથી વધુ મતદારો ધરાવતી બેઠક તો ઝુંડાલમાં સૌથી ઓછા મતદારો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં ૧૬ મતદારો માટે ખાસ મતદાન મથક બનાવવામાં આવ્યુ છે. તો ૨૦થી વધુ મતદાન મથકો એવા છે જ્યાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારોની સંખ્યા વધુ છે.

ગાંધીનગર તાલુકાની ચિલોડા(ડ) બેઠકમાં પાલજનું એક બુથ એવુ છે જ્યાં માત્ર ૧૬ મતદારો નોંધાયેલા છે. જેમાં ૯ પુરૂષ અને ૭ મહિલા મતદારો છે. ગાંધીનગર શહેરને અડીને આવેલ પાલજનો કેટલોક હિસ્સો ગાંધીનગર શહેરમાં સમાવાયેલો છે. જ્યારે કેટલોક હિસ્સો ગાંધીનગર તાલુકા સાથે સંકળાયેલો છે જે ઉલ્લેખનીય છે.

આ ઉપરાંત ડભોડાની બેઠકમાં ૧૬૪ મતદારો માટે પણ એક બુથ છે. જેમાં ૮૪ પુરૂષ અને ૮૦ મહિલા મતદારો નોંધાયેલા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ જેટલા મતદાન મથકો એવા છે જ્યાં પુરૂષ કરતાં મહિલા મતદારો વધુ નોંધાયેલા છે. આવા ૧૦ મતદાન મથકો ગાંધીનગર તાલુકામાં છે. જ્યારે અન્ય ૧૦ મતદાન મથકો ત્રણેય તાલુકામાં છે.

જિલ્લામાં મતદારોની દષ્ટિએ સૌથી મોટો વિસ્તાર છાલા બેઠકનો થાય છે. જ્યાં ૨૯ હજારથી

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ઉંધીયાનું આગમન - શીયાળાની જમાવટ થઈ રહી છે ત્યારે લીલી તુવેર બજારમાં ઢગલાબંધ દેખાય છે... શાકભાજીમાં અને ખાસ ઉંધીયામાં મહત્વની ભૂમિકા અદા કરતી લીલી તુવેર અલગ જ સ્વાદ ઉભો કરે છે...

# શહેરમાં ઠંડી વધી : પારો ૧૨.૫

## છેલ્લા ૪૮ કલાકમાં આઠ ડિગ્રી પારો ગગડ્યો : લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. પહોંચતા વસાહતીઓએ ઠંડીનો ચમકારો અનુભવ્યો

ગાંધીનગર,તા. ૨૮

શુક્રવારની સાંજે પારો વધુ ત્રણ ડિગ્રી જેટલો ગગડતા ગાંધીનગરમાં સારી એવી ઠંડીનો અનુભવ થયો હતો. છેલ્લા ૪૮ કલાકમાં લઘુત્તમ તાપમાન આઠ ડિગ્રી જેટલુ ઘટી જતાં જનજીવન પર ઠંડીની અસર જોવા મળી હતી.

ગુરૂવાર રાતથી પડી રહેલી ઠંડી શુક્રવારે સાંજે વધુ ઘેરી બની હતી. શુક્રવારે આખો દિવસ તડકો હોવા છતાં વાતાવરણમાં ઠંડકનો અનુભવ થતો હતો. સાંજ પડતા જ ઠંડા પવનોની અસર વાતાવરણ પર જોવા મળી હતી. વાતાવરણમાં ઠંડક છવાઈ જતાં વસાહતીઓને ઘરમાં પુરાઈ જવાની ફરજ પડી હતી. પંખા પણ બંધ કરવા પડે તેવી સ્થિતિ સર્જાઈ હતી. વડીલો અને બાળકો શાલ-સ્વેટરમાં લપેટાઈ ગયા હતા. ગરમ વસ્ત્રો પહેર્યા વિના ટુ-વ્હીલર પર તો નીકળી શકાય તેમ ન હતુ. જેમ જેમ સાંજ ઢળતી જતી હતી તેમ તેમ ઠંડીની અસર વધુ ઘેરી બની હતી. જેના કારણે મુખ્ય માર્ગો પર અવરજવર ઓછી થઈ ગઈ હતી. કેટલાક અંતરિયાળ સેક્ટરો તો

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

ઠંડીનો ચમકારો - ઠંડીની સીધી અસર જો ક્યાંય પણ થતી હોય તો ગરમ વસ્ત્રોના બજાર પર થાય છે... છેલ્લા બે દિવસમાં ઠંડીનો ચમકારો વધતા બજારમાં સ્વેટર અને ગરમ જાકીટ ફૂટપાથ બજારમાં ઉભરાયા છે...

### બેસણું



મારા ધર્મપત્ની **કસ્તુરીબેન ચંદ્રકાન્ત રાવળ**નું દુઃખદ અવસાન તા. ૨૫/૧૧/૨૦૧૫ના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૩૦/૧૧/૨૦૧૫ને સોમવારના રોજ નીચેના સ્થળે સવારે ૯ થી ૧૧ કલાકે** રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૩૭૫/૧, પ્રેરણા સ્કૂલની પાસે, સેક્ટર-૫/એ, ગાંધીનગર. મો. ૯૨૨૮૭ ૨૬૨૬૫**

**ડો. અંબાલાલ માધાભાઈ રાવળ** — **ચંદ્રકાન્ત માધાભાઈ રાવળ**<br>
**કનકકુમાર માધાભાઈ રાવળ** — **આકાશ ચંદ્રકાન્ત રાવળ**<br>
**હરેકૃષ્ણ અંબાલાલ રાવળ** — **કૌશલ ચંદ્રકાન્ત રાવળ**<br>
**દિપક વિક્રમભાઈ રાવળ**<br>
**મોન્ટુ કનકભાઈ રાવળ**

# આગામી અઠવાડિયે કાતિલ ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૨૮

ડિસેમ્બર માસના પ્રથમ અઠવાડિયામાં સખ્ત ઠંડી પડવાના યોગો સર્જાયા છે. ગાંધીનગરના જાણિતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે આગામી દિવસોમાં સખ્ત ઠંડી સાથે દેશના ભાગોમાં કમોસમી વરસાદની વકી રહેશે.જ્યારે બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણ સર્જાતા દક્ષિણ-પૂર્વિય ભાગોમાં તટીય વિસ્તારોમાં ભારે વરસાદ થવાની વકી રહેશે. તા. ૩૦થી સૂર્ય-શનિ યુતિ થતાં ઠંડા પવનો ફૂંકાતા દેશના ઉત્તરીય પર્વતીય ભાગો, પંજાબ, હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનના ભાગોમાં ઠંડી પડે. જ્યારે ગુજરાત-સૌરાષ્ટ્રના ભાગોમાં પણ સુસવાટાભર્યા પવનોથી ઠંડીની અસર રહે. ડિસેમ્બરની શરૂઆતમાં દેશના ઉત્તરીય-પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની અસર રહેતા સખ્ત ઠંડીના યોગો બને છે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતા તા. ૫ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર વચ્ચે ઠંડા પવનો ફૂંકાવાની વકી રહેશે અને હજુ વારંવાર હવામાનમાં પલ્ટા આવશે. વાદળવાયુ પણ જણાય. જ્યારે તા. ૮ થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન દેશના ઉત્તરીય પર્વતીય વિસ્તારના જમ્મુ-કાશ્મિર, સિંધ અને વાયવ્ય ભાગોમાં હવામાન કથળી જવાથી દેશના પશ્ચિમ ઉત્તરીય ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ કોઈ કોઈ ભાગોમાં કમોસમી વરસાદની વકી છે. તા. ૧૦ થી ૧૫ સુધીમાં સમુદ્રમાં ચક્રવાતી બળો ઉભા થતાં દરિયાકિનારાના ભાગોમાં સખ્ત પવન ફૂંકાવાની વકી રહે. દરિયામાં ઉંચા મોજા ઉછળે જ્યારે ડિસેમ્બર તા. ૫ થી ૧૩માં સખ્ત ઠંડીના યોગો હોઈ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના ભાગોમાં ન્યૂનતમ ઉષ્ણતામાન ઘટે. કોઈ કોઈ ભાગોમાં ૧૨ ડિગ્રીથી પણ નીચે તાપમાન નોંધાય. ચુંવાળ, વઢીયાર, ઝાલાવાડના ભાગો, કાંકરેજ, ડિસા, કચ્છ, પાટણ, સાબરકાંઠા અને ઉત્તર ગુજરાતના ભાગોમાં શીત લહેરની અસર જણાય.





















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com